## ટ્રેક નં. ૨૦ : ઉત્પાદ, વ્યય, ધ્રુવ વિષે

✻ શું દ્રવ્યમાં દરેક સમયે નવી અવસ્થા આવે? શું દ્રવ્યને થાક ન લાગે? ખાલી ન થઈ જાય. આવી આશંકા છે ને ? તો જલ્દીથી કરી લો સમાધાન પ્રશમમૂર્તિ બહેનશ્રીની ચર્ચામાંથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : પર્યાયની અનિત્યતા, અનિત્યતા આ જગતની, અનિત્યના આશ્રયથી નિત્ય કદી મળતો નથી.

✻ પ્રશ્ન : પદાર્થ અથવા આત્મ પદાર્થ એક સમયમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવાત્મક સત્ છે. આ મહા જૈન સિદ્ધાંતનું રહસ્ય શું છે? તે સિદ્ધાંતને સમજવાથી જીવનું કલ્યાણ થાય તેવું છે તે કઈ રીતે?

● ઉત્તર : આત્મા એક વસ્તુ છે. અનાદિ અનંત, ઈ કાંઈ કૃત્રિમ, કાંઈ ઉત્પાદ, કાંઈ ઉત્પન્ન કરેલું નથી. અનાદિ અનંત એક શાશ્વત પદાર્થ છે. જેમ આ બધી જડ વસ્તુઓ જ છે, કુદરતી તેમ આત્મા પણ એક ચૈતન્ય પદાર્થ અનાદિ અનંત છે અને ઈ પદાર્થની અંદર ઉત્પાદ, વ્યય અને ધ્રુવ અનાદિ અનંત શાશ્વતો રહે છે અને એમાં પરિણમતા અનંતા ગુણો છે. આત્માની અંદર જ્ઞાન, દર્શન આનંદ અનંતા ગુણો છે અને ઈ ગુણો પરિણમે છે. એટલે એમાં ઉત્પાદ વ્યય ધ્રુવ થાય છે. કેટલાક એમ કહે છે કે આત્મા કાંઈ પરિણમતો નથી કે આત્મામાં કાંઈ પલટતું નથી. એવું નથી. આત્મામાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણેય છે અને ઈ અનાદિ અનંત છે. જો ઉત્પાદ, વ્યય, ધ્રુવ જ ન હોત તો આત્માનો મોક્ષ કેવી રીતે થાય ? એ આ વિભાવ પરિણતિ એ પણ પરિણતિ છે. સ્વભાવ પરિણતિ ઈ પણ આત્માની પરિણતિ, સ્વભાવ પરિણતિ છે. માટે એવી પરિણતિ આત્માની છે કે સ્વભાવનો ઉત્પાદ અને વિભાવનો વ્યય એવો ઉત્પાદ વ્યય થઈને આત્મા શાશ્વત રહે છે. એવો ઉત્પાદ, વ્યય, ધ્રુવાત્મક વાળો આત્મા, પોતે પોતાના ગુણોમાં પણ ઉત્પાદ, વ્યય, ધ્રુવ થયા

કરે. જ્ઞાનનો પર્યાય જાણવાની પર્યાય ઉત્પન્ન થાય છે. આગલી પર્યાયનો વ્યય થાય અને આત્મા ધ્રુવ રહે એવા ઉત્પાદ, વ્યય, ધ્રુવ આત્મામાં થયા જ કરે છે. ઈ જૈનનો સિદ્ધાંત. ઈ જાણે તો જ મુક્તિ થાય. ઈ જો તો આત્માને કુટસ્થ માને ઈ વસ્તુ પોતાનું કાર્ય ના કરે તો વસ્તુ ન હોય. તો ધ્રુવ પણ ન હોય. જો ઉત્પાદ, વ્યય ન હોય તો ધ્રુવ પણ ન હોય. જો વસ્તુ હોય. તો એનું તો કાર્ય હોય જ. કાર્ય વગરની કોઈ વસ્તુ જ ન હોય. એવા ઉત્પાદ, વ્યય, ધ્રુવ આત્મામાં છે. કોઈ એમ માને આ વસ્તુ કોઈ કાર્ય જ ન કરે, તો એ વસ્તુ જ હોય નહીં. માટે ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણેય આત્મા જ છે અને એને જાણે તો મોક્ષ થાય. એને જાણ્યા વગર મોક્ષ ન થાય. આત્મામાં પરિણતિ થાય છે. જે વિભાવ જે પરિણામ છે ઈ પોતાનો સ્વભાવ નથી. પણ એમાં જોડાય છે પોતે, ઈ જોડાનારો પોતે સ્વભાવ તરફ દૃષ્ટિ કરે અને આત્માને ઓળખે કે 'હું જ્ઞાયક છું અને આ તો વિભાવ છે' એમ કરીને પરિણતિ પલટાવે અને જ્ઞાયકની પરિણતિ પ્રગટ કરે તો સ્વભાવનો ઉત્પાદ થાય અને મોક્ષ તરફ એને સ્વાનુભૂતિ થાય, અને અનાદિકાળથી વિભાવના રાગદ્વેષમાં એકત્વબુદ્ધિ કરી રહ્યો છે એટલે એને બંધ થાય છે અને સંસાર થાય છે. સ્વભાવને ઓળખે તો મુક્તિ થાય. ઉત્પાદ, વ્યય, ધ્રુવને સમજે તો જ એમાં મુક્તિ રહેલી છે. જો સમજે નહીં તો એમાં મુક્તિ થાતી નથી. જે એકત્વબુદ્ધિ અનાદિની ચાલી આવે છે. આત્મા શાશ્વત છે. એમ સમજે નહીં તો એની મુક્તિ થાય નહીં. આત્મા તો અનાદિ અનંત ધ્રુવ છે, એને ન ઓળખે અને એકલા વિભાવને જ ઓળખ્યા કરે. કે 'જે આ બધું પલટ્યા કરે તે જ હું', એમ માને તોય મુક્તિ થતી નથી. આત્મા શાશ્વત અનાદિ અનંત છે. એ ધ્રુવને ઓળખે એમાં ઉત્પાદ, વ્યયને ઓળખે, બધાને ઓળખે તો જ એનું જ્ઞાન યથાર્થ છે. જ્ઞાનમાં ભૂલ હોય તોય એની મુક્તિ થાતી જ નથી. કદી યથાર્થ માર્ગ એને પ્રગટ ન થાય એવો સિદ્ધાંત છે વસ્તુનો. તો આત્મામાં આનંદ છે. આત્મામાં અનંત જ્ઞાન છે. એના

ગુણોને ઓળખે, પર્યાયને ઓળખે, એના પરિણામનો સ્વભાવ છે. આત્માનો અનાદિ અનંત સ્વભાવ એના પરિણામ અંતરમાં જાય અને ભેદજ્ઞાન કરે તો એ વિકલ્પ છૂટે અને સ્વાનુભૂતિ થાય તો એમાંથી આનંદ પ્રગટે, જ્ઞાન પ્રગટે, અનંતા ગુણો સ્વભાવરૂપ પરિણમે, એને પ્રગટે જો ઉત્પાદ, વ્યય, ધ્રુવને યથાર્થ ઓળખે તો એક જ સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ છે. કોઈક માને કે આત્મા ક્ષણિક છે. કોઈક માને કે આત્મામાં પરિણમન નથી, ઈ એકાંત છે. આત્મા પલટાયા જ કરે એમ નહીં. આત્મા ધ્રુવ છે શાશ્વત ને આત્મામાં પરિણમનરૂપ પણ છે. બેય છે આત્મામાં. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ઈ જૈનનો સિદ્ધાંત છે. બીજા કોઈ મતોમાં એ નથી.

✻ પ્રશ્ન : ઉત્પાદ, વ્યય અને ધ્રુવ વારે ઘડીએ થાય?

● ઉત્તર : ઉત્પાદ, વ્યય અને ધ્રુવ બધું એક સમયમાં થાય છે. જે સમયે ઉપજે છે એ જ સમય વ્યય થાય છે. એ જ સમયે પાછો ધ્રુવ છે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ આત્માનું સ્વરૂપ છે દરેક દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ થયા કરે છે. સ્વભાવ તરફ વળે તો સ્વભાવનો ઉત્પાદ થાય વિભાવ તરફ છે તો વિભાવનો ઉત્પાદ થાય છે.

✻ પ્રશ્ન : પર્યાયનો ઉત્પાદ થાય છે અને પર્યાયનો વ્યય થાય છે? તે પર્યાય કેવી રીતે નીકળે છે?

● ઉત્તર : પર્યાય કેવી રીતે નીકળે છે? પર્યાય નીકળીને અંદર પરિણમે છે. એના કાર્યો આવે છે જે અનંત ગુણો ભરેલા છે. જેવો જ્ઞાન લક્ષણથી, જ્ઞાનનું જાણવારૂપે કાર્ય આવે છે. એ એનો ઉત્પાદ છે. જાણવાનું કાર્ય આવે છે. જે એવા ગુણો છે. ગુણો, ગુણોનું કાર્ય કરે છે. એને પર્યાયો છે. પરિણમન કરે છે. પ્રકાશનું પ્રકાશરૂપે પરિણમન થાય. મીઠાનું મીઠારૂપે, ખારારૂપે પરિણમન થાય. જ્ઞાનનું જાણવારૂપે પરિણમન થાય, ગુણો એનું પોતે પોતાનું કાર્ય કર્યા કરે.

✻ પ્રશ્ન : વિપરીતતા આવે ને ક્યાંકથી દાખલ કરવી છે. ખાલી હોય તો જ વિપરીતતા ભળી જાય ને?

● ઉત્તર : વિપરીતતા પોતે પોતાની સ્ફટિક નિર્મળ છે. બહાર નિમિત્ત હોય. સ્ફટિક પોતે લાલરૂપે પરિણમે છે. ક્યાંયથી નથી આવતી. પોતે જ પુરુષાર્થની મંદતાએ પરિણમે છે. પર્યાય કાંઈ ગોટાળા કરતી નથી. દ્રવ્ય, ગુણ, પર્યાય વસ્તુનું સ્વરૂપ જ છે. એકબીજા વગર એક બીજા હોતા જ નથી. અનંત ગુણો છે આત્મામાં. એ દ્રવ્ય પોતે પોતાનું કાર્ય ન કરે તો દ્રવ્ય શેનું? ગુણો પોતે પોતાના કાર્ય ન કરે તો ગુણ શેના? દ્રવ્ય, ગુણ, પર્યાય ઈ કાંઈ ગોટાળા કરતી નથી. સિદ્ધ ભગવાન અનંત ગુણ, પર્યાયે પરિણમ્યા કરે છે. આનંદગુણ, જ્ઞાનગુણ છે ઈ પરિણમ્યા કરે, ઈ પરિણમન કર્યું. પૂરું થઈ ગયું એટલે બીજે સમયે ખાલી થઈ ગયું એવું નથી. અનંતકાળ સુધી પરિણમ્યા કરે એમને એમ પરિણમ્યા કરે તો જરાય અંદર ખાલી નથી થાતું. એટલો ને એટલો આનંદ ભર્યો છે ને એટલું ને એટલું જ્ઞાન ભર્યું છે. ઉત્પાદ, વ્યય થયા જ કરે છે. ઉત્પાદ અને વ્યય થઈ ગયું એટલે બધું ખલાસ નથી થઈ જાતું. એમને એમ ભર્યું રહે છે. અનંતું ભર્યું રહે છે.

✻ **પ્રશ્ન : અનંતી પર્યાય હોવા છતાં અનંતી સામર્થ્યવાળી પર્યાય હોવા છતાં અનંતમાંથી કાંઈ ખાલી થાતું નથી?**

● ઉત્તર : કાંઈ ખાલી નથી થાતું. ભર્યું જ છે અનંત.

✻ **પ્રશ્ન : એમ હું ને એટલું પૂરેપૂરું ભરેલું છે?**

● ઉત્તર પૂરે પૂરું ભરેલું રહે છે. કાંઈ ખાલી નથી થાતું. જ્ઞાને એક સમયમાં બધું જાણી લીધું. બીજે સમય શું જાણશે એવું નથી. આત્મામાં એવું છે. ઉલટ, પલટ ધ્રુવ સત્તા રાખે. ધ્રુવ એક સરખું રહે અને ઉપજે ને વિણસે, એ બે કેવું વિરોધી? ઉત્પાદ ને વ્યય પાછું ધ્રુવ. જે ધ્રુવ હોય ઈ ઉપજે કેવી રીતે? ઉપજે ખરું અને ધ્રુવ પણ રહે અને જે ધ્રુવ હોય એનો વ્યય કેવી રીતે થાય? વ્યય પણ થાય પાછો કેવી વિરોધી વાત છે? એક દ્રવ્યની અંદર. એ હમ સુની ના કભી, આવું કાંઈ સાંભળ્યું નથી. આવું કાંઈ આત્મામાં સાંભળ્યું છે

આત્મામાં જ છે. આવું કાંઈક ઉલટ, પુલટ, ધ્રુવ સત્તા રાખે. અને નટ નાગરકી બાજી. આવી નટ નાગરકી બાજી છે. ચૈતનની બાજી છે. વિભાવમાં આવ્યો તો વિભાવમાં ચૈતન્યમાં સ્વભાવના ઉત્પાદ, વ્યય, ધ્રુવ તો કોઈ અલૌકિક, એક સમયમાં સ્થિરતા એક સમયમાં. એક સમયમાં ઉપજે વિણસે બધું એક જ સમયમાં. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એમ પુદ્‌ગલમાં ય એવું જ છે, ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. એક પરમાણુ ઉપજે ને વિણસે, એવી ધ્રુવ સત્તા સ્થિર પરમાણુ એવી શક્તિ ફેરો ફરે વર્ણ ફરે, રસ ફરે ગંધ, સ્પર્શ એક સમયમાં કેટલા ગામ સુધી જાય. પરમાણુ એ વર્ણ કરે, સ્પર્શ ફરે, રસ ફરે, બધું ફરે, બધું ફરે, એક સમયમાં. ચૈતન્ય શુદ્ધ થાય તો શુદ્ધમાં બધું કરે. જ્ઞાન, દર્શન, ચારિત્ર એક સમયમાં. પાછું જ્ઞાનનો સ્વભાવ છે લોકાલોકને જાણે એમાં ફેર ન પડે. સ્વ અને પરને જાણવાની નિર્મળ દશા જે પ્રગટ થઈ એમાં ફેર ન પડે. પણ એમાં ઉપજે, વિણસે એ બધું થયા કરે છે. ઈ બધું થયા કરે. નટ નાગરની બાજી કોઈ જુદી જ છે. હું ચૈતન્ય જુદો, આ શરીર જુદું. ઈ આ ચૈતન્યમાં જુએ તો ક્યાંય નથી અને શરીરમાં જુઓ તો ફેરફારો છે, પુદ્‌ગલના છે, પુદ્‌ગલનું નાટક છે. ચૈતન્યનું નાટક જુદું છે. પુદ્‌ગલનું નાટક જુદું છે. જો આત્મામાં જોવામાં આવે તો કાંઈ દેખાતું નથી.

આ વિભાવ સામે દૃષ્ટિ કરો તો વિભાવ દેખાય. જ્ઞાનમાં જ્ઞાનના ભેદો દેખાય. સુદૃષ્ટિથી કાંઈ દેખાતું નથી. ચૈતન્યને જોવાની દૃષ્ટિ એક દ્રવ્યદૃષ્ટિ એમાં જ્ઞાન અનેક પ્રકારે દેખાય. ઘણા કહે છે કે ભગવાન અનેકરૂપ રૂપ નથી ધરતા પણ એમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ થાય છે ભગવાન અનેક જાતના રૂપ ધરે છે. રૂપ નથી ધરતા પણ એમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ થાય છે શુદ્ધ દ્રવ્યમાં.

✻ પ્રશ્ન : કલ પ્રવચનમેં ટેપમેં આયા કે ધ્રુવ અંશ જો હૈ તો વો ભી ખુલાસા હુઆ ગુરુદેવને કિયા ટેપમેં હી કે અંશી. વૈસે ધ્રુવ

તો અંશી હૈ પર બડા અંશ હૈ ઇસલિયે પોઇન્ટસે કહ દિયા ઇસકા ક્યા હૈ અંતર હૈ ?

● ઉત્તર : ધ્રુવ અંશી, જિસકા અંશ હૈ ધ્રુવ ઐસા દ્રવ્ય, ધ્રુવકો દ્રવ્યમેં ભી લેતા હૈ. ધ્રુવકો પર્યાયમેં ભી લેતા હૈ. દોનોં અપેક્ષા લેતા હૈ. ઈસલિયે અંશી કહતે હૈ. બડા ધ્રુવ એટલે આખા દ્રવ્ય, દ્રવ્યકી અપેક્ષા ધ્રુવ લે તો અંશી હૈ. વો પર્યાયકી અપેક્ષાસે અંશ હૈ.

✻ પ્રશ્ન : વૈસે તો 'ઉત્પાદ, વ્યય, ધ્રુવ યુક્તમ્ સત્ હૈ' તો વો અંશી હુઆ ઔર ધ્રુવ અંશ હુઆ. લેકીન ધ્રુવ અંશ કો બડા અંશ મતલબ અનાદિ અનંત અંશ હોને હી બડા અંશ.

● ઉત્તર : અનાદિ અનંત દ્રવ્યકી અપેક્ષા બડા અંશ હૈ. અનાદિ અનંત રહેતા હૈ. ધ્રુવકો (ઈસલિયે અંશી કહા?) હા. ઈસલિયે અંશી હૈ.

✻ પ્રશ્ન : માતાજી ! કલ કે પ્રવચનમેં દ્રવ્યકી અપેક્ષા અંશી હૈ ?

● ઉત્તર : દ્રવ્યકી અપેક્ષા અંશી હૈ ધ્રુવકી દો અપેક્ષા હૈ. ધ્રુવકો દ્રવ્યમેં ભી લેતા હૈ. ધ્રુવકો પર્યાયમેં ભી. ભેદકી અપેક્ષા ઉત્પાદ, વ્યય, ધ્રુવ. તીન ભેદ હુઆ ઉસકી અપેક્ષાસે ઉસકો અંશ કહા. ઔર દ્રવ્ય અનાદિ અનંત ધ્રુવ તો અનાદિ અનંત રહેતે હૈ. ઉસકી અપેક્ષા ઉસકો અંશી કહા. ઈસલિયે તો બડા હૈ ઉત્પાદ, વ્યય સે બડા.

✻ પ્રશ્ન : એ અંશી તો કભી અશુદ્ધ નહીં હોતા ?

● ઉત્તર : અંશી કભી અશુદ્ધ નહીં હોતા. ખાલી ઉત્પાદ, વ્યયમેં અશુદ્ધતા હૈ. અંશીમેં નહીં હોતા.

✻ પ્રશ્ન : જિસ સમય અશુદ્ધ પર્યાય હુઈ ઉસ સમય યે તો શુદ્ધકા શુદ્ધ હી રહા. માને જિસ સમય ઉત્પાદ વ્યયકી પર્યાયમેં અશુદ્ધતા હો ગઈ ઉસ સમય યે ભી (દ્રવ્ય) તો શુદ્ધકા શુદ્ધ હી રહા.

● ઉત્તર : હા એ તો શુદ્ધ રહેતા હૈ. ધ્રુવ તો શુદ્ધ રહેતા હૈ.

✻ પ્રશ્ન : ઇસમેં કભી વિકાર નહીં હોતા ?

● ઉત્તર : ધ્રુવમેં વિકાર નહીં હોતા. ટીકતા હૈ ધ્રુવ તો એક સરીખા હૈ અનાદિ અનંત.

✻ પ્રશ્ન : ધ્રુવ પર્યાય કૌનસી હૈ ?

● ઉત્તર : હૈ 'ઉત્પાદ, વ્યય, ધ્રુવ યુક્તમ સત્,' ઉત્પાદ વ્યય ઔર ધ્રુવ. તીસરા અંશકા ભેદ પડતા હૈ. ઈસલીયે યે ઉસકો અંશ કહનેમેં આતા હૈ. ઉત્પાદ, વ્યય, ધ્રુવકી સાથમેં જો રહતા હૈ જો અનાદિ અનંત રહતા હૈ. વો તો રહતા હૈ પણ ઉત્પાદ, વ્યય કે સાથમેં જો ધ્રુવ વો ગુણ કી જ્ઞાનગુણકી પર્યાય હૈ, યે પર્યાય તો પલટતી હૈ. ઈસલિયે ગુણકો ટીકાનેવાલા ધ્રુવકા અંશ સાથમેં રહતા હૈ. તો યે ઉત્પાદ, વ્યય, ધ્રુવ યે તીન પર્યાય. સદૃશ્ય પરિણમન એક સાથ એકસરીખા તીનકા પરિણમન રહતા હૈ.

✻ પ્રશ્ન : ઇસકો સહજ જ્ઞાન કહા ?

● ઉત્તર : ઈસકો ધ્રુવકા અંશ કહેનેમેં આતા હૈ.

✻ પ્રશ્ન : ઇસીકો સહજ જ્ઞાન હી કહેતે હૈ ?

● ઉત્તર : સહજ જ્ઞાન યે દૂસરા આ દ્રવ્ય. ઉસકા અનાદિ અનંત પરિણમન એક સરીખા રહતા હૈ. પરિણમન જો અનાદિ અનંત રહેતા હૈ. એક સરખા. ઈસકો ધ્રુવ કહનેમેં આતા હૈ.

✻ પ્રશ્ન : ઉસમેં પલટા નહીં હોતા ?

● ઉત્તર : ઉસમેં ઉત્પાદ, વ્યય જૈસા પલટા નહીં હોતા.

✻ પ્રશ્ન : ધારાવાહી રહતા હૈ ?

● ઉત્તર : ધારાવાહી રહતા હૈ. એક સરીખા રહતા હૈ.

✻ પ્રશ્ન : પલટાવ ઉસમેં હોતા હૈ ?

● ઉત્તર : ઉત્પાદ, વ્યય નહીં હોતા. એકકા ઉત્પાદ, વ્યય હોવે તો તો દ્રવ્યકા નાશ હો જાયેગા. ઉત્પાદ, વ્યય, ધ્રુવ. ઉત્પાદ, વ્યયકે સાથમેં ધ્રુવકા અંશ હોતા હૈ. ઉત્પાદ હોવે, વ્યય હોવે, ઉસકે સાથમેં ધ્રુવકા પરિણમન રહતા હી હૈ. ઉસકે સાથ ધ્રુવકા પરિણમન રહતા હૈ. દ્રવ્યકો ટીકનેકા, ગુણકો ટીકનેકા, ધ્રુવકા પરિણમન જો હૈ એક અંશરૂપ સાથમેં રહતા હૈ. જો ઉત્પાદ, વ્યયકી અપેક્ષાસે હી ઈસકા

ભેદ પડતા હૈ. ઉત્પાદ, વ્યયકી અપેક્ષાસે ધ્રુવકા ભેદ પડતા હૈ. ઈસલિયે ધ્રુવકો પર્યાય કહનેમેં આતા હૈ. નિરંતર ધ્રુવ તો એક સરીખા અનાદિ અનંત રહતા હૈ પર ઉત્પાદ, વ્યય કે સાથમેં જો ટીકતા રહતા હૈ. સાથમેં ઈસલિયે ઉસકો ભેદ પડતા હૈ પણ ભેદકી અપેક્ષાસે ઉસકો અંશ કહનેમેં આતા હૈ.

**✻ પ્રશ્ન : વૈસે અવસ્થિત ભી ઉસીકો કહા. વૈસે હૈ ૨૫૨ કે કલશમેં અવસ્થિત રૂપ હૈ વો ઉત્પાદ, વ્યય વાલા નહીં હૈ તો વો યહી ચીજ હુઈ.**

● ઉત્તર : હા. ઉત્પાદ, વ્યય વાલા નહીં હૈ. વો એક ધ્રુવ અંશ હૈ.

**✻ પ્રશ્ન : અંશકી અપેક્ષાસે હૈ ઉસકો પર્યાય કહતે હૈ?**

● ઉત્તર : ઉત્પાદ, વ્યય કે સાથમેં ઉસકા જો ધ્રુવ ટીકતા રહતા હૈ. પરિણમન ટીકતા હૈ.

**✻ પ્રશ્ન : હર પર્યાયકે સાથમેં?**

● ઉત્તર : હર પર્યાયકે સાથમેં રહતા હૈ, ઈસલિયે ઉસકો અંશ કહનેમેં આતા હૈ.

✻ ભક્તિ : ઉથર, ચેતન, ધ્રુવ, અવિચળ ઉભો,
સરની પર્યાયને નિહાળે રે, (૨)
એ કાળ ને પર્યાય બેઉ હાલતા રહેતા,
ધ્રુવ અપલટ નિહાળે રે. (૨)

**✻ પ્રશ્ન : પ્રવચનસારમેં તીન અંશ કી જો બાત આતી હૈ કે ઉત્પાદ, વ્યય, ધ્રુવ એ તીનોં અંશ હૈ. એ તીનો અંશ હૈ પર યે જો ત્રીજા અંશ હૈ ઉસકો ધ્રુવ કહનેમેં આતા હૈ.**

● ઉત્તર : હાં ધ્રુવ પર્યાય કહનેમેં આતા હૈ. ધ્રુવ પર્યાય કહનેમેં આતા હૈ. અંશ હી કહતે હૈ. પંચાધ્યાયમેં અંશ ભી કહતે હૈ. અંશી ભી કહતે હૈ.

**✻ પ્રશ્ન : પર્યાયમાં દ્રવ્યપણું નથી અને દ્રવ્યમાં એટલે કે**

ધ્રુવમાં પર્યાયપણું નથી. તો પર્યાય દ્રવ્ય સાથે એકત્વનો અનુભવ કઈ રીતે કરી શકે ?

● ઉત્તર : દ્રવ્યમાં પર્યાય નથી. પર્યાયમાં દ્રવ્ય નથી. ઈ દૃષ્ટિની અપેક્ષાએ કહેવાય કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મુકવાથી દૃષ્ટિના વિષયમાં એક દ્રવ્ય આવે છે. બાકી સર્વ અપેક્ષાએ દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી. ઈ સર્વ અપેક્ષાએ નથી. ઈ પર્યાયને દ્રવ્યનો આશ્રય છે અને દ્રવ્ય પર્યાયરૂપે પરિણમે છે. એમ બીજી એક અપેક્ષા છે. સર્વ અપેક્ષાએ પર્યાય, દ્રવ્ય નથી ને દ્રવ્ય પર્યાય નથી. સર્વ અપેક્ષાએ નથી. પર્યાય તદ્દન જુદી હોય તો પર્યાય પોતે જ દ્રવ્ય થઈ જાય. એ સર્વ અપેક્ષાએ એવું નથી.

* પ્રશ્ન : અહીંયા દ્રવ્ય એટલે ધ્રુવ ભાવ. અને પર્યાય ભાવ એમ બે ભાવ આપણે લેવા છે ?

● ઉત્તર : ધ્રુવ ભાવ તો ઈ ધ્રુવ એકલું ધ્રુવ નથી. ધ્રુવ ને ઉત્પાદ, વ્યયની અપેક્ષા છે. ઉત્પાદ, વ્યય વગરનું ધ્રુવ નથી. એકલું ધ્રુવ હોઈ શકે જ નહીં. ઉત્પાદ, વ્યયની અપેક્ષાવાળું ધ્રુવ છે. કોઈ અપેક્ષાએ અંશો જુદા છે પણ એક બીજાની અપેક્ષા રાખીને છે. કોઈ કારણથી દ્રવ્ય ઉત્પન્ન થયું છે કે કોઈ કારણથી એનો નાશ થાય છે એમ નથી. દ્રવ્ય કારણ વગરનું સ્વતઃ સિદ્ધ અનાદિ અનંત છે. અને જે એનું પરિણમન છે ઈ સ્વતઃ પરિણમે છે. એ આશ્રયથી પરિણમે છે કે કોઈ એને મદદ કરે તો પરિણમે છે. કોઈ એને ઉંધુ કરે તો ઉંધુ અને સવળું કરે તો સવળું એમ નથી. અકારણ પારિણામિક દ્રવ્ય, એને કોઈ કારણ લાગુ પડતું નથી. એ સ્વયં પરિણમે છે. પોતે અનાદિ અનંત સ્વભાવમાં પરિણમે, એમાં વિભાવ એના સ્વભાવમાં પ્રવેશ કરતો નથી. એવો અકારણ પોતે પોતાના સ્વભાવથી પરિણમે છે એવો એનો સ્વભાવ છે અને વિભાવ થાય તો એ પણ પોતે સ્વતંત્ર પરિણમે છે. અને પોતે સ્વભાવને પ્રગટ કરે તો પણ સ્વતંત્ર જ છે. એમાં નિમિત્ત કહેવાય પણ ખરી રીતે પોતે પરિણમે છે. એમાં કોઈ

કારણ લાગુ નથી પડતું. તો જ એ દ્રવ્ય કહેવાય કે જેને કોઈ કારણ લાગુ નથી પડતું. કોઈ નિમિત્તના આશ્રયે પરિણમે, કોઈના મદદથી પરિણમે તો ઈ દ્રવ્યની દ્રવ્યતા જ નથી. દ્રવ્ય જ એનું નામ કહેવાય જેને કોઈના સહાયની જરૂર ન પડે. એનું નામ દ્રવ્ય ખરું. દ્રવ્ય અનાદિ અનંત સ્વતઃ સિદ્ધ અકારણ પરિણમે છે. એ એનો સ્વભાવ છે. પોતે પોતાનો સ્વભાવ કોઈ રીતે છોડતો નથી. એવી રીતે તો પરિણમે પણ વિભાવમાં એ કર્મનું નિમિત્ત માત્ર છે. પોતે પરિણમે, સ્વભાવમાં પોતે પલટો કરે, એ પોતાથી પલટો કરે છે સ્વભાવ તરફ ભેદજ્ઞાન કરીને. એમાં દેવ, ગુરુ, શાસ્ત્ર નિમિત્ત હોય છે. ઉપાદાન પોતાનું છે. ઈ અકારણ પારિણામિક દ્રવ્ય જેને કોઈ કારણ લાગુ નથી પડતું કે અત્યાર સુધી જીવ કેમ સ્વભાવ તરફ પલટો ખાતો નથી ? ઈ એનું પોતાનું કારણ છે. કોઈનું કારણ નથી. એને કોઈ બીજાનું કારણ લાગુ પડતું નથી. અકારણ છે. પોતે પોતાના જ કારણે વિભાવમાં પરિણમે. પોતાના કારણે સ્વભાવમાં પરિણમે. અકારણ પારિણામિક દ્રવ્ય છે. એવો એનો પરિણમન સ્વભાવ સ્વતઃ સિદ્ધ છે. કોઈ એને પરિણમાવતો નથી અને કોઈથી એનો નાશ થાતો નથી.

✽ પ્રશ્ન : ધ્રુવ અને ઉત્પાદ વ્યયનો પદાર્થમાં સંબંધ શું છે ? ધ્રુવ અને ઉત્પાદ બે વચ્ચે શું સંબંધ છે ?

● ઉત્તર : જે ધ્રુવ છે ઈ એક સરખું ધ્રુવરૂપે છે. ઉત્પાદ છે ઈ પ્રગટ થાય છે અને વ્યય છે એ એનો પલટો ખાય છે. ઈ ધ્રુવ છે. ઈ ઉત્પાદ વ્યયની અપેક્ષા રાખે છે. અને ઉત્પાદ વ્યય છે ઈ ધ્રુવની અપેક્ષા રાખે છે. જ્યાં ધ્રુવ છે ત્યાં ઉત્પાદ, વ્યય છે અને ઉત્પાદ, વ્યય છે ત્યાં ધ્રુવ છે. ધ્રુવ કોની અપેક્ષા છે ? ઉત્પાદ વ્યય હોવા છતાં પણ જે ધ્રુવતા ટકાવી રાખે છે માટે ઈ ધ્રુવ છે અને ધ્રુવ હોવા છતાં પણ ઉત્પાદ, વ્યયરૂપે પરિણમે છે. એવો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણેયને સંબંધ છે. ત્રણેયની અપેક્ષા એકલું ધ્રુવ ન હોય. એકલા ઉત્પાદ, વ્યય હોતા નથી. ઉત્પાદ કોનો થાય છે ? જે ધ્રુવ જે છે એનો

ઉત્પાદ છે. વ્યય પણ પલટો જે નથી એનો વ્યય શું? એની પર્યાયનો વ્યય થાય છે. ઉત્પાદ જે છે એનો ઉત્પાદ થાય છે. એટલે છે એમાં વચ્ચે સત્‌ ભેગું આવી જાય છે. ધ્રુવ તો સત્‌ છે. જે 'નથી' એનો ઉત્પાદ થાતો નથી. જે 'નથી' એનો વ્યય થાતો નથી. જે 'છે' એમાં કોઈ પરિણામનો ઉત્પાદ અને કોઈ પરિણામનો વ્યય થાય છે, જે 'છે' એમાં થાય છે. ધ્રુવતા ટકાવીને ઉત્પાદ, ધ્રુવતા ટકાવીને વ્યય થાય છે. ધ્રુવમાં ઉત્પાદ વ્યય અસત્‌ જે નથી જગતમાં એનો કાંઈ ઉત્પાદ નથી. જે નથી એનો કાંઈ નાશ નથી. જે છે સત્‌ ઈ સત્‌નો ઉત્પાદ અને જે 'છે' એમાં વ્યય થાય છે. એટલે ધ્રુવમાં ઉત્પાદ, વ્યયની અપેક્ષા છે સત્‌.

*** પ્રશ્ન : ધ્રુવ વગર એકલો ઉત્પાદ, વ્યયનો વિચાર કરવો પણ વ્યર્થ છે?**

● ઉત્તર : વ્યર્થ છે. ધ્રુવ વગર એકલો ઉત્પાદ, વ્યય? એનો કાંઈ અસત્‌નો ઉત્પાદ નથી થાતો. જે નથી એનો વ્યય નથી થાતો. જે છે એનો વ્યય થાય છે. ધ્રુવતા ટકાવીને ઉત્પાદ અને વ્યય થાય છે. પર્યાયને ઉત્પાદ, વ્યય છે અને દ્રવ્ય પોતે ટકે છે.

*** પ્રશ્ન : સ્વભાવ તરફ વળે એનો ઉત્પાદ અને વ્યય કઈ રીતે?**

● ઉત્તર : સ્વભાવ અનાદિ અનંત પોતે શાશ્વતો જ્ઞાયક આત્મા છે. ઈ તો ધ્રુવ સ્વરૂપ છે. ધ્રુવ પણ પોતા તરફ વળીને જે ઉત્પાદ થયો પોતા તરફ સ્વભાવની પર્યાય થઈ એનું પોતાને વેદન થયું ઈ ઉત્પાદ થયો પોતાનો.

*** પ્રશ્ન : પછી વ્યય?**

● ઉત્તર : વ્યય-વિભાવનો વ્યય થયો ને સ્વભાવનો ઉત્પાદ થયો.

*** પ્રશ્ન : સ્વભાવનો ઉત્પાદ અને વિભાવનો વ્યય ઈ વખતે ધ્રુવ જ હશે?**

* ઉત્તર : ઈ વખતે ધ્રુવ પોતે છે.

✻ પ્રશ્ન : એટલે જ્ઞાયક ધ્રુવ છે ?

● ઉત્તર : જ્ઞાયક ધ્રુવ છે. સમ્યક્દર્શનની પ્રાપ્તિ થઈ. સમ્યક્દર્શનનો ઉત્પાદ થયો અને મિથ્યાત્વનો વ્યય થયો. મિથ્યાત્વનો નાશ થયો અને સ્વભાવનો ઉત્પાદ થયો. સમ્યક્દર્શનનો ઉત્પાદ થયો અને આત્મા ધ્રુવ છે.

✻ પ્રશ્ન : ધ્રુવ પર્યાયમાં શું કામ છે ?

● ઉત્તર : જ્ઞાયક પોતે ધ્રુવ જ છે.

✻ પ્રશ્ન : પણ પર્યાય અપેક્ષાએ તો પછી ?

● ઉત્તર : ઉત્પાદ છે ઈ પર્યાય છે. અંદર પોતે પર્યાય થયા જ કરે છે. અનાદિ સ્વભાવનો ઉત્પાદ, વિભાવનો વ્યય, પછી જેની દૃષ્ટિ આત્મા તરફ ગઈ એને સ્વભાવનો ઉત્પાદ, સ્વભાવની નિર્મળતા, સ્વભાવનો ઉત્પાદ થયા કરે છે.

✻ પ્રશ્ન : વિભાવનો વ્યય થાય છે ?

● ઉત્તર : વિભાવનો વ્યય થાતો જાય છે.

✻ પ્રશ્ન : સ્થિરતા ગુણ પ્રગટ થાય છે ?

● ઉત્તર : પોતા તરફ વળે અને સ્થિર પર્યાય પ્રગટ થાય છે. સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર અંશે થાય છે. ચારિત્ર સ્વરૂપ આચરણ ચારિત્ર છે. અસ્થિરતાની પર્યાય ઉભી છે એને.

✻ પ્રશ્ન : સિદ્ધ દશામાં ધ્રુવ તો કાયમ ટકી રહેલું છે. ઉત્પાદ, વ્યય આમાં સમ્યક્દર્શનની ઉત્પત્તિમાં છે પણ આમાં (સિદ્ધ દશામાં) ?

● ઉત્તર : સિદ્ધ દશામાં. આ વસ્તુનો સ્વભાવ જ દ્રવ્ય, ગુણ, પર્યાય છે. એનામાં અનંત ગુણ છે. સિદ્ધ ભગવાનમાં અનંતા ગુણ છે. ઈ અનંતા ગુણની પર્યાયો થયા કરે છે. કેવળજ્ઞાન પ્રગટ થયું એ કેવળજ્ઞાનની પર્યાય થયા જ કરે છે. આનંદની પર્યાય થયા જ કરે છે. એ આત્મા અક્રિય ધ્રુવ છે પણ એને પછી પારિણામિકભાવ, પારિણામિકભાવ છે એનામાં. અક્રિય છતાં ક્રિયાત્મક છે. એનું પરિણમન થયા જ કરે છે. દરેક ગુણોનું કાર્ય આવે છે. જ્ઞાન જ્ઞાનરૂપે

પરિણમે છે. આનંદ આનંદરૂપે કાર્ય લાવે છે. જ્ઞાન, જ્ઞાનરૂપે કાર્ય લાવે છે ચારિત્ર ચારિત્રરૂપે કાર્ય લાવે છે. એવા અનંત-પ્રભુત્વ, વિભુત્વ, દરેક ગુણો પોતે પોતાનાં કાર્યરૂપે પરિણમે છે. ઈ સિદ્ધ દશામાં પણ ઉત્પાદ, વ્યય, ધ્રુવ થયા જ કરે છે સ્વભાવમાં.

**✽ પ્રશ્ન : પર્યાય દ્રવ્યમાંથી શુદ્ધ ઉત્પન્ન થાય છે કે અશુદ્ધ ઉત્પન્ન થાય છે ?**

● ઉત્તર : દ્રવ્યમાંથી પર્યાય જે અંદર છે મૂળ. ઓળખીને ઉત્પન્ન થાય તો શુદ્ધ દ્રવ્યમાંથી શુદ્ધ જ પર્યાય ઉત્પન્ન થાય. જે શુદ્ધ છે એમાંથી શુદ્ધ જ થાય. અશુદ્ધમાંથી અશુદ્ધ થાય. પણ એની દૃષ્ટિ નિમિત્ત તરફ ગઈ છે એટલે વિભાવ પર્યાય થાય છે. બાકી શુદ્ધ આત્મા તરફ દૃષ્ટિ જાય તો શુદ્ધ પર્યાય થાય અને નિમિત્ત તરફ, કર્મ તરફ દૃષ્ટિ જાય છે તો અશુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે. અશુદ્ધ પર્યાય કાંઈ એનું મૂળ સ્વરૂપ નથી. માત્ર પર્યાય છે. ઈ તો પલટી જાય છે. અવસ્થા થાય છે. નિમિત્ત આધિન દૃષ્ટિ છે. શુદ્ધ દ્રવ્યને ઓળખે તો શુદ્ધ આત્મામાંથી શુદ્ધ જ પર્યાય આવે. સ્વભાવ તો એવો છે એનો.

**✽ પ્રશ્ન : પહેલા શુદ્ધ દ્રવ્ય ઓળખાતો ન હોય તો ?**

● ઉત્તર : શુદ્ધ દ્રવ્ય ઓળખાતો નહિ હોય તો અશુદ્ધ પર્યાય થાય છે.

**✽ પ્રશ્ન : તો એમ કહેવાય દ્રવ્યમાંથી ઉત્પાદ થાય છે તે છે અશુદ્ધ હૈ ?**

ઉત્તર : મૂળ દ્રવ્યમાંથી અશુદ્ધ ઉત્પન્ન નથી થાતું પણ એની પર્યાય વિભાવ તરફ દૃષ્ટિ જાય છે એટલે વિભાવ પર્યાય થાય છે. એમાં એવી એક વિભાવિક શક્તિ છે આત્મામાં, એવી એનામાં યોગ્યતા છે કે એની પર તરફ દૃષ્ટિ જાય તો વિભાવ પર્યાય થાય. એનામાં એવી યોગ્યતા છે. મૂળ દ્રવ્ય આખું અશુદ્ધ નથી થઈ જાતું. પણ એની વર્તમાન પર્યાયમાં. એવી એક વૈભાવિક શક્તિ ગુણ છે, યોગ્યતા છે એનામાં, એને લઈને વિભાવ પર્યાય થાય છે. એનામાં

ઉપાદાન પોતાનું છે. નિમિત્ત બીજાનું. દ્રવ્ય આખું અશુદ્ધરૂપે પરિણમી જાય તો શુદ્ધ થાય જ નહીં કોઈ દિવસ. દ્રવ્ય તો શુદ્ધ, પર્યાય અશુદ્ધ થાય છે. સોનું એનું મૂળ તો શુદ્ધ જ છે. ઈ પાષાણ સાથે રહે એટલે એમાં (અશુદ્ધતા) દેખાય. મૂળ પાણીનો સ્વભાવ તો શીતળ જ છે. એમાં અગ્નિનું નિમિત્ત બનતાં વર્તમાન ઉષ્ણ અવસ્થા થાય છે. મૂળ તો શીતળતા જ છે. જ્યાં અગ્નિનું નિમિત્ત છૂટી જાય છે તો એનું મૂળ તો શીતળતા છે. પાણી નિર્મળ હોવા છતાં મલિન કાદવના નિમિત્તથી થાય છે. એમાં પોતામાં એવી યોગ્યતા છે કે અવસ્થા વર્તમાન એવી થાય છે. મૂળમાં જો પેસી જાય તો કોઈ દિવસ શુદ્ધ થાય નહીં. મૂળમાં નથી પેસતું. ઉપર ઉપર થાય છે. દ્રવ્ય પરિણમે છે દ્રવ્ય. પણ એનો મૂળ સ્વભાવ છોડીને પરિણમતું નથી. ઈ સ્વભાવ નથી છોડતો. સ્વભાવ છોડીને દ્રવ્ય અશુદ્ધતારૂપે પરિણમતું નથી. પણ નિમિત્ત આવતાં ઉપાદાન પોતાનું છે. પોતે પરિણમે છે. સ્ફટિક નિર્મળ હોવા છતાં એમાં કાળા, રાતા ફૂલના સંયોગથી કાળું દેખાય, રાતું દેખાય, પીળું દેખાય પણ મૂળ એનો સ્વભાવ છોડતું નથી. અવસ્થા થાય છે.

**✻ પ્રશ્ન : પર્યાયમાં જ્ઞાનની વધ ઘટ થવા છતાં ધ્રુવ સામર્થ્ય જીવનું એવુંને એવું સચવાઈ રહે છે એની સાબિતી માટે કોઇ એવો ન્યાય ખરો ?**

✻ ઉત્તર : ન્યાય તો સ્વભાવ જ એનો છે. એ ધ્રુવ તો એમને એમ પડ્યું છે. ગમે એટલું જ્ઞાન પર્યાયમાં વપરાય તો પણ સામર્થ્ય, કોઈ દિવસ ઘટતું જ નથી. અનંતકાળ સુધી લોકાલોક. એને આનંદનો સાગર એને પ્રગટ થઈ ગયો. અનંતકાળ સુધી પરિણમ્યા જ કરે, પરિણમ્યા જ કરે, તો એને કાંઈ ખૂટતું નથી. પરિણમ્યા કરે એટલે બધું પર્યાયમાં આવી ગયું હવે કાંઈ રહ્યું નહીં. પર્યાયમાં આનંદ આવી ગયો, પર્યાયમાં જ્ઞાન જેટલું હતું એટલું આવી ગયું, તોય જ્ઞાન એટલું અને એટલું છે. એ તો એવો કોઈ અચિંત્ય સ્વભાવ

છે. સાગરનું પાણી ગમે એટલું બહાર કાઢો તો સાગર તો ખૂટતો જ નથી. સાગર તો એમને એમ ભરેલો જ છે. સાગરનું આટલું પાણી ઓછું થયું ઈ તો દૃષ્ટાંત છે સાગરનું પાણી ઓછું થયું ઈ તો, સાગર વાસ્તવિક રીતે સાગરમાં તો એટલું ને એટલું પાણી હોય છે. એનું સાગરનું તળીયું લેવા જાવ તો સાગરનું તળિયું કેટલું છે એનું માપ લાવવું મુશ્કેલ પડે છે. તો સાગરનું દૃષ્ટાંત છે. સાગર આખો પાણીથી ભરેલો. એનું તળ એટલું પાણી બહાર કાઢો તો ખૂટી જાય. એવું કાંઈ સાગરમાં થાતું નથી. સાગરમાં તો એટલું ને એટલું ભર્યું રહે છે. એમ આ જ્ઞાનનો સાગર છે. એનું તળિયું કેટલું ઉંડું છે ? એ તો અનંતુ છે. એમાંથી ગમે એટલું વપરાય તો અનંતુ ને અનંતુ છે. અનંત અને અનંતુ છે. ધ્રુવનું સામર્થ્ય એટલું ને એટલું છે. ગમે એટલું પર્યાયમાં કાર્યમાં આવે તો એટલું ને એટલું છે એમાં કાંઈ ખૂટતું નથી. ઈ કાંઈ એવો અગાધ સ્વભાવ છે. અચિંત્ય સ્વભાવ છે. એટલું ને એટલું છે. એમાં જરાય ઓછું ન થાય. અનંતકાળ સુધી આનંદ પરિણમ્યા જ કરે, પરિણમ્યા જ કરે. આ ધન હોય તો આટલું વપરાઈ ગયું તો ખુટી ગયું. એમ આમાં નથી. એટલું ને એટલું રહે એમાં જરાય ઓછું નથી થાતું. ઈ તો સ્વભાવ છે. સાગરના પાણીનું માપ જેમ થઈ શકતું નથી. એમ આ (આત્માના) તળિયાનું માપ આવી શકતું નથી.

જય હો વિજય હો
ભગવતી માતનો જય હો

સુખધામ અનંત સુસંત ચહી,
દિન-રાત રહે તદ્ ધ્યાન મહીં;
પ્રશાંતી અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર્તે જયતે.